# **વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

મૂળ પ્રશ્ન પૂછનાર ધારાસભ્યશ્રીનું નામઃ– **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા**
તેમનો મત વિસ્તારઃ– **(પાદરા–૧૪૬)**

**અગ્રતા ક્રમ – ૦૨**

**પ્રશ્ન – ૧** કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં **તાલુકાવાર કેટલી અરજીઓ** મળી, કેટલી **અરજીઓ મંજુર** કરી અને **કેટલી સહાયની** રકમ ચૂકવવામાં આવી **?** (શ્રી ચૈતન્યસિંહ ઝાલા – પાદરા)

**પ્રશ્ન – ૨** કુંવરબાઈનું મામેરૂ યોજનામાં રાજ્યનો **ચાલુ નાણાંકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક** કેટલો છે **?** અને અત્યાર સુધી કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપવામાં આવેલ છે **?** (શ્રી કેયુરભાઈ રોકડિયા – સયાજીગંજ)

**પ્રશ્ન – ૩** કુંવરબાઈનું મામેરૂ યોજનાનો **કન્યાઓને સરળતાથી** લાભ મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા**?** (શ્રી અક્ષયભાઈ પટેલ – કરજણ)

**વડોદરા જીલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

*** 15/4/901 : શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા** (પાદરા) **: માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જીલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) | ૧૯૦૮ |
| (૨) | તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) | ૧૯૦૦ |
| (૩) | તે પેટે કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) | રૂ.૨૨૭.૯૮ લાખ |

-------------------

**પ્રશ્ન– (૧) :– કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલી અરજીઓ મળી, કેટલી અરજીઓ મંજુર કરી અને કેટલી સહાયની રકમ ચૂકવવામાં આવી ?**

**જવાબ : માન. અધ્યક્ષશ્રી, તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ...**

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | મંજુર પૈકી ચુકવેલ સહાય | |
|---|---|---|---|---|
| | | | લાભાર્થી સંખ્યા | રકમ (રૂ.લાખમાં) |
| ૧ | વડોદરા | ૧૧૫૧ | ૧૧૪૫ | ૧૩૭.૪૦ |
| ૨ | ડભોઈ | ૨૩૮ | ૨૩૮ | ૨૮.૫૬ |
| ૩ | ડેસર | ૧૪ | ૧૪ | ૧.૬૮ |
| ૩ | કરજણ | ૧૭૭ | ૧૭૭ | ૨૧.૨૪ |
| ૪ | પાદરા | ૧૪૨ | ૧૪૧ | ૧૬.૯૦ |
| ૫ | સાવલી | ૮૩ | ૮૨ | ૯.૮૪ |
| ૬ | સિનોર | ૫૫ | ૫૫ | ૬.૬૦ |
| ૭ | વાઘોડીયા | ૪૮ | ૪૮ | ૫.૭૬ |
| કુલ | | ૧૯૦૮ | ૧૯૦૦ | ૨૨૭.૯૮ |

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન– (૨) કુંવરબાઈનું મામેરૂ યોજનામાં રાજ્યનો ચાલુ નાણાંકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક કેટલો છે ? અને અત્યાર સુધી કેટલા લાભાર્થીઓને કેટલી સહાય આપવામાં આવેલ છે.**

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

**કુંવરબાઈનું મામેરૂ યોજનામાં ચાલુ નાણાંકીય વર્ષનો વાર્ષિક લક્ષ્યાંક કુલ – ૪૫,૦૦૦ છે. જેની સામે ૬૬,૯૫૧ લાભાર્થીઓને રૂ. ૭૯૮૨.૧૨ લાખની સહાય ચુકવવામાં આવેલ છે.**

મુખ્ય પેજ પર જવા માટે

**પ્રશ્ન નં – (૩) : – કુંવરબાઈનું મામેરૂ યોજનાનો કન્યાઓને સરળતાથી લાભ મળી રહે તે માટે સરકારશ્રી દ્વારા કેવા પ્રકારના પગલાં લેવામાં આવ્યા?**

**જવાબ : માન. અધ્યક્ષશ્રી,**

**સરકારશ્રી દ્વારા હાલ તમામ યોજનાઓનો લાભ અરજદારને ઓનલાઈન માધ્યમથી આપવામાં આવી રહ્યો છે ત્યારે આ યોજનાનો લાભ લેવા માટે કચેરીમાં ગયા વિના ઘરેથી ઓનલાઇન અરજી કરી લાભ મેળવી શકશે.**

**માન. અધ્યક્ષશ્રી,**

- **આ યોજનાનો લાભ લેવા અરજદારે અરજી સાથેના આધાર – પુરાવાકચેરીમાં અગાઉ જમા કરાવવાના રહેતા હતા તે હવેથી કચેરીમાં જમા કરાવવાના રહેતા નથી .જે હવે ફકત ઓનલાઈન જ અપલોડ કરવાના રહે છે.**

**માન. અધ્યક્ષશ્રી,**

- **અરજી સાથે અગાઉ જુદા–જુદા ૧૩–(તેર)આધાર–પુરાવા રજુ કરવાના થતા હતા જ્યારે હવે અરજી સાથે ફક્ત ૪ (ચાર) જ આધાર–પુરાવા રજુ કરવાના રહે છે. જેમાં,**

**(૧) કન્યાનું આધાર કાર્ડ**

**(૨) કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનો દાખલો**

**(૩) લગ્ન નોંધણી પ્રમાણપત્ર**

**(૪) કન્યાની બેન્ક પાસબુક/રદ કરેલ ચેકની નકલ – જેથી વધારાના ડોક્યુમેન્ટ ઘટાડી સરળતા થાય તેવા પગલા લીધેલ છે.**

**માન. અધ્યક્ષશ્રી,**

- **અગાઉ આ યોજનામાં તાલુકા નિરીક્ષક દ્વારા સ્થળ ચકાસણી કર્યા બાદ અરજી મંજુર કરવામાં આવતી હતી, જ્યારે હવે ઓનલાઈન આધાર – પુરાવાની ચકાસણી કરી અરજી મંજુર કરવામાં આવે છે. જેથી અગાઉ સ્થળ ચકાસણીને લીધે જે સમય લાગતો હતો તે ઘટાડી હવે કન્યાઓને સરળતાથી અને સમયસર લાભ મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

**માન. અધ્યક્ષશ્રી,**

**આ ઉપરાંત, અગાઉ કુંવરબાઈનું મામેરૂ યોજનામાં પુન: લગ્નના કિસ્સામાં સહાય મળવાપાત્ર ન હતી, પરંતુ રાજ્ય સરકારના સકારાત્મક અભિગમથી તા.૨૧/૧૨/૨૦૨૧ના ઠરાવથી આ યોજનાનો કન્યાને પુન: લગ્નના કિસ્સામાં પણ એકવાર લાભ આપી શકાય તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.**

મુખ્ય પેજ પર જવા માટે

## તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરુ યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અરજીઓ બાબત

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | | | મંજુર અરજીઓ | | | તે પૈકી ચુકવેલ સહાય | | | ના મંજુર કરેલ અરજીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ | કુલ | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ | કુલ | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ | કુલ | અનુસૂચિત જાતિ | વિકસતી જાતિ | કુલ |
| ૧ | વડોદરા | ૧૪૩ | ૧૦૦૮ | ૧૧૫૧ | ૧૪૦ | ૧૦૦૫ | ૧૧૪૫ | ૧૬.૮૦ | ૧૨૦.૬૦ | ૧૩૭.૪૦ | ૩ | ૩ | ૬ |
| ૨ | ડભોઈ | ૬ | ૨૩૨ | ૨૩૮ | ૬ | ૨૩૨ | ૨૩૮ | ૦.૭૨ | ૨૭.૮૪ | ૨૮.૫૬ | ૦ | ૦ | ૦ |
| ૩ | ડેસર | ૬ | ૮ | ૧૪ | ૬ | ૮ | ૧૪ | ૦.૭૨ | ૦.૯૬ | ૧.૬૮ | ૦ | ૦ | ૦ |
| ૪ | કરજણ | ૧૫ | ૧૬૨ | ૧૭૭ | ૧૫ | ૧૬૨ | ૧૭૭ | ૧.૮૦ | ૧૯.૪૪ | ૨૧.૨૪ | ૦ | ૦ | ૦ |
| ૫ | પાદરા | ૨૬ | ૧૧૬ | ૧૪૨ | ૨૫ | ૧૧૬ | ૧૪૧ | ૨.૯૮ | ૧૩.૯૨ | ૧૬.૯૦ | ૧ | ૦ | ૧ |
| ૬ | સાવલી | ૧૫ | ૬૮ | ૮૩ | ૧૫ | ૬૭ | ૮૨ | ૧.૮૦ | ૮.૦૪ | ૯.૮૪ | ૦ | ૧ | ૧ |
| ૭ | શિનોર | ૫ | ૫૦ | ૫૫ | ૫ | ૫૦ | ૫૫ | ૦.૬૦ | ૬.૦૦ | ૬.૬૦ | ૦ | ૦ | ૦ |
| ૮ | વાઘોડિયા | ૧૪ | ૩૪ | ૪૮ | ૧૪ | ૩૪ | ૪૮ | ૧.૬૮ | ૪.૦૮ | ૫.૭૬ | ૦ | ૦ | ૦ |
| **કુલ** | | **૨૩૦** | **૧૬૭૮** | **૧૯૦૮** | **૨૨૬** | **૧૬૭૪** | **૧૯૦૦** | **૨૭.૧૦** | **૨૦૦.૮૮** | **૨૨૭.૯૮** | **૪** | **૪** | **૮** |

| વડોદરા જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજનાના પાંચ વર્ષની માહિતી | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વર્ષ** | **અનુસૂચિત જાતિ** | | **વિકસતી જાતિ** | |
| | | **સિધ્ધી** | **ખર્ચ** | **સિધ્ધી** | **ખર્ચ** |
| ૧ | ૨૦૧૯–૨૦ | ૧૭૫ | ૧૭.૫૦ | ૭૩૯ | ૭૩.૯૦ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૯૭ | ૯.૭૦ | ૮૫૧ | ૮૫.૧૦ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૧૪૬ | ૧૮.૭૨ | ૮૬૭ | ૯૦.૯૬ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૨૦૪ | ૨૪.૮૮ | ૧૩૯૪ | ૧૬૧.૭૦ |
| ૫ | ૨૦૨૩–૨૪ ( જાન્યુઆરી ૨૦૨૪ અંતિત ) | ૨૨૬ | ૨૯.૯૮ | ૧૬૦૪ | ૧૯૨.૨૪ |
| | **કુલ** | **૮૪૮** | **૧૦૦.૭૮** | **૫૪૫૬** | **૬૦૪.૦૦** |

| રાજ્યમાં કુંવરબાઈનું મામેરૂ યોજનાના પાંચ વર્ષની માહિતી | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વર્ષ** | **અનુસૂચિત જાતિ** | | **વિકસતી જાતિ** | |
| | | **સિધ્ધી** | **ખર્ચ** | **સિધ્ધી** | **ખર્ચ** |
| ૧ | ૨૦૧૯–૨૦ | ૮૩૪૫ | ૮૩૪.૫૦ | ૨૮૪૩૮ | ૨૮૪૩.૮૩ |
| ૨ | ૨૦૨૦–૨૧ | ૪૮૦૧ | ૪૮૦.૧૦ | ૨૬૬૦૪ | ૨૬૬૦.૫૦ |
| ૩ | ૨૦૨૧–૨૨ | ૬૯૯૮ | ૭૫૨.૧૦ | ૩૫૦૬૫ | ૩૭૬૯.૧૫ |
| ૪ | ૨૦૨૨–૨૩ | ૧૧૧૫૦ | ૯૬૩.૨૬ | ૫૯૫૯૨ | ૬૯૬૭.૭૦ |
| ૫ | ૨૦૨૩–૨૪ ( જાન્યુઆરી ૨૦૨૪ અંતિત ) | ૯૧૯૦ | ૧૦૯૪.૩૬ | ૫૭૭૬૧ | ૬૮૮૭.૭૬ |
| **કુલ** | | **૪૦૪૮૪** | **૪૧૨૪.૩૨** | **૨૦૭૪૬૦** | **૨૩૧૨૮.૯૪** |

## વડોદરા જિલ્લા કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ નામંજૂર કરેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક

## (તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩)

| ક્રમ | તાલુકાનું નામ | નામંજુર અરજીઓ | નામંજૂરના કારણો | | | |
|---|---|---|---|---|---|---|
| | | | આવક મર્યાદા વધુ હોવાને કારણે | અનુસૂચિત જાતિના અરજદાર ન હોવાને કારણે | સમય મર્યાદા બાદ અરજી મળવાને કારણે | કુલ |
| ૧ | વડોદરા | ૦૬ | ૦૧ | ૦૧ | ૦૪ | ૦૬ |
| ૨ | ડભોઈ | | | | | |
| ૩ | ડેસર | | | | | |
| ૪ | કરજણ | | | | | |
| ૫ | પાદરા | ૦૧ | ૦૧ | | | ૦૧ |
| ૬ | સાવલી | ૦૧ | | | ૦૧ | ૦૧ |
| ૭ | શિનોર | | | | | |
| ૮ | વાઘોડિયા | | | | | |
| કુલ | | ૦૮ | ૦૨ | ૦૧ | ૦૫ | ૦૮ |

# પૂરક નોંધ

## કુંવરબાઇનું મામેરૂ( વિકસતી જાતિ)

➢ **હેતુઃ**

- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગોની વ્યકિતઓને દિકરીનાં લગ્ન પ્રસંગે થતા ખર્ચમાં મદદરૂપ થવા માટે.

➢ **યોજનાની શરૂઆત :**

- સામાજિક અને શૈક્ષણિકરીતે પછાત વર્ગ અને આર્થિક પછાત વર્ગોની કન્યાઓના લગ્ન પ્રસંગે **કુંવરબાઇનું મામેરૂં યોજના** સરકારશ્રીના તા.**૨/૫/૧૯૯૫**ના ઠરાવ ક્રમાંક: **એસ. સી. ડબલ્યુ. / ૧૦૯૧ / ૯૭૫ (બ)/જ**થી અમલમાં છે.

➢ **સહાયની રકમ અને સ્વરૂપમાં થયેલ સુધારા વધારા :**

- શરૂઆતના તબક્કે સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ તથા આર્થિક પછાત વર્ગની કન્યાઓના લગ્ન પ્રસંગે મામેરા માટે રૂપિયા ૫૦૦૦/- પૈકી રૂપિયા ૨૦૦૦/- રોકડા સ્વરૂપે કન્યાના માતા પિતાને અને બાકીના રૂપિયા ૩૦૦૦/- કન્યાના નામે કિસાન વિકાસપત્રના સ્વરૂપે નાણાંકીય સહાય આપવામાં આવતી હતી.

- સરકારશ્રીના તા.૧૮/૫/૨૦૦૯ ના ઠરાવથી કન્યાને લગ્ન સમયે જરૂરી ઘર–વખરી ખરીદી શકાય તે માટે રૂપિયા ૫૦૦૦/– ચેકથી ચુકવવાનું ઠરાવવામાં આવેલ હતુ.
- સરકારશ્રીના તા.૧૩/૪/૨૦૧૨ના ઠરાવથી સહાયની રકમ રૂ. ૫,૦૦૦/– થી વધારીને રૂ. ૧૦,૦૦૦/– કરવામાં આવેલ.
- આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય તે જિલ્લા અધિકારીને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. આમ છતાં કુવરબાઈનું મામેરુ યોજના અને સાતફેરા સમુહલગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી બાંહેધરી મેળવીને સમુહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી બંન્ને યોજના હેઠળ અપાતી સહાયની ચુકવણી કરવા સરકારશ્રીના તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૦૨૦૧૮/ ૨૭૮૯૧૧/અ.૧ થી મંજૂરી આપવામાં આવેલ છે.
- હાલમાં સરકારશ્રીના તા.૩/૬/૨૦૨૧ના ઠરાવ તથા તા.૮/૪/૨૦૨૧ના સુધારા ઠરાવ મુજબ સહાયની રકમ રૂ.૧૦,૦૦૦/– માં વધારો કરી કન્યાના નામે રૂ.૧૨,૦૦૦/– આપવા ઠરાવેલ છે, તેમજ નવા દરનો અમલ તા.૧/૪/૨૦૨૧થી કરવાનો રહેશે અને તા.૧/૪/૨૦૨૧ કે ત્યારબાદ લગ્ન કરનારને રૂ.૧૨,૦૦૦/– લેખે નવા દરનો લાભ આપવા ઠરાવવામાં આવેલ છે. **જે હાલમાં અમલમાં છે.**

➢ **<u>યોજનાના સરળ અમલીકરણ માટે કરવામાં આવેલ સુધારા:</u>**

- **સરકારશ્રીના તા.૨૧/૧૨/૨૦૨૧ના ઠરાવથી :**
  - અગાઉની ‘‘પુન: લગ્નના કિસ્સામાં આ લાભ મળવાપાત્ર રહેશે નહી’’ તે શરત રદ કરવામાં આવેલ છે.
  - સમયમર્યાદામાં અરજીના નિકાલ કરવા માટે સ્થળ તપાસ કરવાની જગ્યાએ ડોક્યુમેન્ટ આધારે અરજી મંજુર કરવાની પ્રકિયા કરવા ઠરાવેલ છે.
- **અગાઉ અરજી સાથે મેળવવામાં આવતા હતા તેવા નીચે મુજબના (નવ) આધાર–પુરાવા રજુ કરવામાંથી મુક્તિ આપેલ છે.**

(૧) કન્યાના પિતા/વાલીનું આધાર કાર્ડ
(૨) કન્યાના પિતાના રેશનકાર્ડની નકલ
(૩) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ કન્યાની જાતિનો દાખલો
(૪) સક્ષમ અધિકારીશ્રી પાસેથી મેળવેલ યુવકની જાતિનો દાખલો
(૫) રહેઠાણનો પુરાવો
(૬) કન્યાની જન્મ તારીખનો પુરાવો
(૭) યુવકની જન્મ તારીખનો પુરાવો
(૮) યુગલનો સંયુક્ત ફોટો
(૯) લગ્ન કંકોત્રી

- **હવે નીચે મુજબના ફક્ત ચાર ડોક્યુમેન્ટના આધારે અરજી મંજુર કરવામાં આવે છે.**
  (૧) કન્યાનું આધાર કાર્ડ
  (૨) કન્યાના પિતા/વાલીની વાર્ષિક આવકનો દાખલો
  (૩) લગ્ન નોંધણી પ્રમાણપત્ર
  (૪) બેન્ક પાસબુક/રદ કરેલ ચેક (યુવતીના નામનું)

➢ **<u>હાલમાં કુંવરબાઇનું મામેરૂં યોજનાનો લાભ લેવા માટેની શરતો:-</u>**

- સરકારશ્રીના તા.૦૨/૧૧/૨૦૨૨ના ઠરાવ મુજબ હાલ ગ્રામ્ય વિસ્તારમાં અને શહેરી વિસ્તારમાં રૂ.૬.૦૦ લાખ આવક મર્યાદા નક્કી થયેલ છે.
- આ યોજનાનો લાભ કુટુંબની પુખ્ત વયની બે કન્યાના લગ્ન પ્રસંગે આપવામાં આવે છે.
- લગ્ન કરનાર કન્યા/યુવક લગ્ન માટે કાયદા અનુસારની નિયત લઘુત્તમ વય ધરાવતા હોવા જોઇએ.
- લગ્ન અંગેના જરૂરી આધાર/પુરાવા અરજી સાથે રજુ કરવાના હોય છે. કન્યાના માતા-પિતા/ વાલીએ આ યોજનાનો લાભ અગાઉ લીધેલ નથી તેવું સ્વ-ઘોષણા (Self-Declaration) આપવાનું રહે છે.
- લગ્ન થયાના બે વર્ષની અંદર સહાય મેળવવા અરજી કરવાની હોય છે.
- લગ્ન નોંધણી કરાવવાનું/નોંધાવવાનું ફરજીયાત છે.

## ➢ **<u>યોજનાના સહાય માટેની કાર્યપદ્ધતિ</u>**

- અરજદારે લગ્ન તારીખના બે વર્ષના સમયગાળામાં નિયત નમૂનામાં ઈ–સમાજ કલ્યાણ પોર્ટલ પર ઓન લાઈન  અરજી કરવાની રહે છે .
- સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના તથા આર્થિક રીતે પછાત વર્ગના લાભાર્થીઓએ પોતાના જિલ્લાના જિલ્લા નાયબ નિયામક વિકસતિ ) યાણ અધિકારી્‌જિલ્લા સમાજ કલ/(વિકસતિ જાતિ) ને(જાતિને અરજી કરવાની રહે છે.
- આ યોજનાનો લાભ લેવા માટે કન્યા જે સ્થળ/જિલ્લાની હોય તે જિલ્લા અધિકારીને અરજી કરી સહાયની રકમ કન્યાના વસવાટના જિલ્લામાંથી મેળવવાની રહે છે. આમ છતા કુવરબાઈનું મામેરૂ યોજના અને સાતફેરા સમુહલગ્ન યોજના એમ બન્ને યોજનામાં પાત્રતા ધરાવતી કન્યાઓને તેઓ પોતાના જિલ્લામાંથી લાભ મેળવશે નહીં તેવી બાંહેધરી મેળવીને સમુહલગ્નનું આયોજન જે જિલ્લામાં કરવામાં આવેલ હોય તે જ જિલ્લામાંથી આ યોજનાના લાભ માટે અરજી કરી બંન્ને યોજનાનો લાભ લઈ શકે છે.
- સંબંધિત તાલુકાના સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા ડોક્યુમેન્ટની ચકાસણી કરી, તેઓના અભિપ્રાય સાથે અરજીઓ સંબંધિત જિલ્લાના જિલ્લા નાયબ નિયામક/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી(વિકસતિ જાતિ) જિલ્લા કચેરીએ આગળની કાર્યવાહી માટે મોકલવામાં આવે છે.
- જિલ્લાકક્ષાએ જિલ્લા અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા અરજદારોની અરજીઓ મંજુર કરી DBT દ્વારા કન્યાને નિયમોનુસાર રૂા.૧૨,૦૦૦/– સહાય ચૂકવવામાં આવે છે.

# પૂરક નોંધ

## કુંવરબાઈનું મામેરૂ યોજના (અનુસુચિત જાતિ)

**હેતુ**

- અનુસૂચિત જાતિની વ્યક્તિઓને દિકરીનાં લગ્ન પ્રસંગે ખર્ચમાં મદદરૂપ થવા માટે

**યોજનાની શરૂઆત**

- આ યોજનાનો અમલ વર્ષ ૧૯૯૫ થી શરૂ થયો છે.

**સહાયની વિગત**

- આ યોજના હેઠળ રૂ.૧૨,૦૦૦ની સહાય લાભાર્થીને ચુકવવામાં આવે છે.
- **પાત્રતાના માપદંડો**

(૧) કન્યાનું આધારકાર્ડ

(૨) લગ્નનોંધણીનું પ્રમાણપત્ર

(૩) કન્યાના પિતા / વાલીનો વાર્ષિક આવાકનો દાખલો

(૪) સક્ષમ / રદ કરેલ ચેક

(૫) બેંક પાસબૂકના પ્રથમ પાનાની નકલ / રદ કરેલ ચેક
( કન્યાના નામ પાછળ પિતા /વાલીનું નામ હોય તે)

(૬) સ્વ ઘોષણા

## કાર્ય પદ્ધતિ :

- લાભાર્થીએ લગ્ન પ્રસંગનાં બે વર્ષના સમયગાળામાં નિયત નમૂનામાં ઓનલાઇન http://esamajkalyan.gujarat.gov.in ઉપર અરજી ફોર્મમાં અરજી કરવાની રહે છે .
- સંબંધિત તાલુકાનાં સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા દસ્તાવેજોના આધારે તેઓના અભિપ્રાય સાથે અનુસૂચિત જાતિના શહેરી વિસ્તારનાં લાભાર્થીઓની અરજીઓ નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણ અને ગ્રામ્ય વિસ્તારનાં લાભાર્થીઓની અરજીઓ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી, જિલ્લા પંચાયતને મોકલવામાં આવે છે.
- જિલ્લાકક્ષાએ અધિકારીશ્રી દ્વારા પાત્રતા ધરાવતા લાભાર્થીઓને DBT (Direct benefit transfer)દ્વારા કન્યાને સહાય ચુકવવામાં આવે છે.